# ગુજરાતમાં કોરોનાના નવા ૧૫૬૧ કેસ નોંધાયા

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૨ વ્યક્તિના મોત : રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૯૮૫૫ થયો છે, રાજ્યમાં સાજા થવાનો દર ૯૫.૨૧ ટકા, ૧૯૬૭૯૩નું રસીકરણ કરાયું

અમદાવાદ, તા. ૧

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૫,૬૧ કેસ નોંધાયા છે. જેની સામે ૪,૮૬૯ દર્દીઓ સાજા થયા છે. આમ સતત સાજા થનાર દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૨૨ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૯૮૫૫ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૫.૨૧ ટકા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૭૨,૯૧,૪૧૩ દર્દીઓને કોરોનાની વેક્સિનનો પ્રથમ અને બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે. આમાંથી ૧૭,૧૪,૦૮૩ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ માટે વર્ષ ૧૮-૪૫ વર્ષની કેટેગરીમાં વેક્સીનેશન થયું છે.

તારીખ ૧ જૂનના રોજ સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં ૨૫૬ નોંધાયા છે જ્યારે સૌથી વધુ ડિસ્ચાર્જ પણ ૮૨૫ દર્દીના અમદાવાદ શહેરમાંથી થયા છે. જ્યારે તેની સામે વેક્સિનેશન પણ પુરજોશમાં થયું છે. આજે અમદાવાદ શહેરમાં ૫ દર્દીના નિધન થયા છે.

રાજ્ય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા રાત્રિ કર્ફ્યૂ અને કોરોના પ્રતિબંધના કારણે હાલમાં બીજી લહેર નબળી પડી છે. ધીરે ધીરે સરકાર તમામ નિયંત્રણો હટાવી રહી છે. જોકે, આ વખતે લાપરહવાહી દાખવવામાં સરકારને સહેજ પણ રસ નથી એટલે હજુ પણ ૩૬ શહેરો રાત્રિ કર્ફ્યૂની સ્થિતિમાં છે.

રાજ્યમાં હાલમાં કોરોના વાયરસના કુલ ૨૯૦૧૫ દર્દીઓ એક્ટિવ કેસ છે. જે પૈકીના ૪૭૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૨૮૫૪૩ દર્દીઓ સ્ટેબલ છે. અત્યારસુધીમાં કુલ ૭૭૧૮૬૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે જ્યારે ૯૮૫૫ મોત થયા છે.

# સંક્રમણ ઘટ્યા પછી રાહતની આશા : જિલ્લામાં જૂન-જુલાઈ માસમાં લગ્નના ૧૫ મુહર્ત

## નિયંત્રણો હટશે કે કેમ..?? ચર્ચા તો સવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

કોરોનાની મહામારીના ફફડાટ વચ્ચે જુન-જુલાઈ માસમાં બાકી રહેલા લગ્નના ૧૫ મુહર્ત ઉપર સૌની નજર ટેકવાઈ છે. ૨૦ જુલાઈએ લગ્નોની સઝન પૂરી થાય છે અને હાલના સમયે કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોવાથી સરકાર દ્વારા લગાવાયેલા લગ્નના નિયંત્રણો હટશે કે કેમ..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે. મે.માસની લગ્નની સીઝનમાં લગ્નના ૧૧ મુહર્ત હતાં પરંતુ કોરોનાનું ગ્રહણ નડી ગયું હતું જો કે હવે કોરોના કેસમાં ઘટાડો થતાં રાહતની આશા બંધાઈ છે.

છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની વૈશ્વિક મહામારીએ સૌ કોઈને હચમચાવી નાખ્યા છે. ધંધા-રોજગારોને કરોડોનું આર્થિક નુક્સાન પહોંચ્યું છે. સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાના ભાગરૂપે સરકારે લગ્નોમાં ૫૦ વ્યક્તિની સંખ્યા મર્યાદા નક્કી કરી છે. જેથી લગ્ન સાથે સંકળાયેલા અસંખ્ય ધંધા-રોજગારોને અગણિત નુક્સાન થયું છે. લગ્નમાં કંકોત્રી થી માંડી જમણવાર સુધીની વ્યવસ્થામાં ૫૦ થી વધુ ધંધા-રોજગારો એકબીજા સાથે જોડાયેલા હોવાથી સરકારની ગાઈડલાઈન સૌ કોઈને નડી છે. સંગીત જલસા અને અન્ય કાર્યક્રમો ઉપર કોરોનાની કડક પાબંધી આવી જતાં લગ્ન સીઝનના આર્થિક ટર્નઓવરને મોટો ફટકો પડ્યો છે. જિલ્લામાં મે. માસ દરમ્યાન લગ્નોના ૧૧ મુહર્ત હતાં જેમાં કેટલાક પરિવારોએ સરકારી નિયંત્રણોને અનુસરી લગ્ન આટોપી લીધાં છે પરંતુ અસંખ્ય પરિવારોએ ઝાકમઝોળ લગ્નો માટે અગાઉ તૈયારીઓ કરી દીધી હતી પરંતુ ૫૦ની સંખ્યા મર્યાદાના કારણે લગ્નો મુલત્વી રાખવાની ફરજ પડી છે. જિલ્લામાં સંક્રમણ ઘટ્યા પછી હવે જુન-જુલાઈ માસમાં લગ્નના ૧૫ મુહર્ત હોવાથી સૌ કોઈની નજર મુહર્ત ઉપર ટેકવાઈ છે. સંક્રમણ ઘટ્યું હોવાથી સરકાર નિયંત્રણો હળવાં કરશે તેવું અનુમાન લગાવી અસંખ્ય પરિવારોએ જો સરકાર નિયંત્રણો ન હટાવે તો લગ્ન યોજવાં કે કેમ તેની વિમાસણમાં મૂકાયા છે.

# ડુપ્લીકેટ RT-PCR રિપોર્ટ બનાવવાનું કૌભાંડ પકડાયું

## ૩૦૦માં નેગેટિવ, ૮૦૦માં પોઝિટિવ બનાવતા હતા : ડોક્ટરથી માંડીને સેનિટાઇઝર સુધી તમામ વસ્તુ ડુપ્લીકેટ મળી રહી હતી : ક્રાઇમ બ્રાંચે બે શખ્સોની ધરપકડ કરી

કોરોના કાળ દરમિયાન તમામ ડુપ્લીકેટ વસ્તુઓનો રાફડો ફાટ્યો હતો. પછી તેમાં ડોક્ટરથી માંડીને સેનિટાઈઝર સુધી તમામ વસ્તુઓ ડુપ્લીકેટ મળી રહી હતી. તેમાં કેટલાક અસામાજિક તત્વોએ કરોડો રૂપિયા બનાવ્યા હતા. જો કે આવા જ એક RT-PCR ટેસ્ટ કૌભાંડનો વડોદરા પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો હતો. રાજ્યબહાર જવા માટે, કંપનીઓમાં રજા મેળવવા અને કંપનીઓમાં આર્થિક લાભ લેવા માટે તથા મેડિક્લેમ સહિતના વિવિધ ઉપયોગ માટે પોઝિટિવ અને નેગેટિવ રિપોર્ટ વેચી રહેલા એક ભેજાબાજ અને ટ્રાવેલ્સ સંચાલકની પોલીસે ધરપકડ કરી છે.

વડોદરા ક્રાઈમબ્રાંચના અનુસાર વડોદરાના વારસીયા વિસ્તારમાં પટેલ પાર્કની બાજુમાં આવેલી હરીક્રિષ્ણા સોસાયટીમાં ૧૦ નંબરના મકાનમાં રાકેશ ભગવાનદાસ મીરચંદાની રહે છે. તે ટુર્સ અને ટ્રાવેલ્સનો ધંધો કરે છે. કોરોના મહામારીમાં રાજ્ય બહાર જવા માટે કોરોના નેગેટિવ રિપોર્ટની જરૂર પડે છે. જેથી રાજ્ય બહાર જવા માટે પોતાનાં લેપટોપમાં પીડીએફ એડિટર નામની વેબસાઈટનો ઉપયોગ કરી જુના રિપોર્ટમાં ચેડા કરીને નવા રિપોર્ટ બનાવી દેવાનું કૌભાંડ ઝડપાયું છે.

આરટીપીસીઆર રિપોર્ટ બનાવીને રાજ્ય બહાર જઈ રહેલા લોકોઆ કૌભાંડના ભોગ બન્યા છે. પાથ અને ન્યુબર્ક લેબોરેટરીના નામે નેગેટિવ અને પોઝિટિવ રિપોર્ટ બનાવી આપતો હતો. નેગેટિવ રિપોર્ટનાં ૩૦૦ અને પોઝિટિવ રિપોર્ટનાં ૮૦૦ રૂપિયા લેતો હતો. આ ઉપરાંત તમામ નાણાકીય વ્યવહાર ઓનલાઈન કરતો હતો. છેલ્લા ૧૫ દિવસમાં ૫૦થી વધારે લોકોને આ પ્રકારનાં નકલી રિપોર્ટ આપ્યાનું પ્રાથમિક પુછપરછમાં સામે આવ્યું છે. જો કે ક્રાઈમબ્રાંચને આ અંગે માહિતી મળતા તેણે ડમી ગ્રાહક મોકલીને સમગ્ર કૌભાંડો પર્દાફાશ કર્યો હતો.



## સાબરકાંઠા-અરવલ્લી સાસંદે સાંદગીપૂર્વક જન્મ દિવસ ઉજવ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી સાસંદ દિપસિંહ રાઠોડ દ્વારા પોતાના જન્મદિવસની સાદગીપૂર્વક ઉજવણી કરી હતી અને જન્મ દિવસને લઈને પ્રભુ-પાસે કોરોના જેવી મહામારી દુર થાય તેવી પ્રાર્થના કરી હતી. સાબરકાંઠા-અરવલ્લી સાસંદ દિપસિંહ રાઠોડ દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી સાંદગીપૂર્વક કરી હતી અને સોશિયલ ડીસટન માસ્ક સાથે ૭ થી ૧૦ કાર્યકરો સાથે કેક કાપી સાંદગી પૂર્વક ઉજવણી કરી હતી તો સાસંદ દિપસિંહ રાઠોડ દ્વારા પોતાના જન્મદિવસે પ્રભુ પાસે હાલ ચાલી રહેલ આ કોરોની મહામારી તથા કોરોના જેવી બધી જ મહામારી દુર થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી તો જીગ્નેશભાઈ પંડયા, દિલીપભાઈ રાવળ સહિત ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોતના સોદાગરો : નકલી ફેબીફ્લુ દવાનો રેલો અમદાવાદ વાયા ઉત્તર ગુજરાત ફંટાય તેવી દહેશત

## નકલી રેમડેસિવિર ઈન્જેક્શન પછી નકલી દવાએ અનેકનો ભોગ લીધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ગુજરાતના ફાર્મા ઉદ્યોગને લાંચ્છન લાગે તેવી ઘટનાઓ છેલ્લા ૧ મહિના દરમ્યાન નોંધાઈ છે. અગાઉ નકલી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવવાનું કારખાનું અને વેચાણ કરનારા ઝડપાયા પછી નકલી ફેબીફ્લુ દવાનો રેલો અમદાવાદ વાયા ઉત્તર ગુજરાત ફંટાય તેવી પૂરેપૂરી દહેશત છે. કોરોનાના દર્દીઓ માટે ફેબીફ્લુ દવાની પણ અછત ઉભી થઈ જેના કારણે ગરજવાન દર્દીઓના સગાઓએ અમદાવાદ, વડોદરાથી દવાઓ મંગાવી પરંતુ દવા નકલી હોવાથી અનેક દર્દીઓને ધાર્યા પ્રમાણે અસર થઈ ન હતી. કેટલાક દર્દીઓના મોત પણ નિપજ્યા હતા આ જોતાં મોતના સોદાગરોએ ઈન્જેક્શન પછી નકલી દવાઓમાં પણ દાટ વાળ્યાનું સામે આવ્યું છે. રાજકોટની ઓનકો ઓરેન્જ ફાર્મા કંપની ઉપર તપાસ પછી ફેબીફ્લુ નામની નકલી દવાનો જથ્થો મળી આવ્યો હતો. રૂા.૬ લાખની નકલી દવાનો જથ્થો જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી શરૂ થઈ છે.

નકલી દવાઓના કારભારીઓને ફાંસીના માંચડે લટકાવવાની માંગ થતી આવી છે પરંતુ કાયદા ખોખલા હોવાથી આરોપીઓને જામીન મળી જાય છે અને ફરીથી ગોરખ ધંધામાં ઓતપ્રોત થઈ જાય છે. ગત મહિને નકલી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવવાની ફેક્ટરી ઝડપાયા પછી ગત રોજ મુખ્ય આરોપી ઝડપાયો અને હવે કોરોનાના દર્દીઓને સારવાર માટે અપાતી ફેબીફ્લુ દવા પણ નકલી બનાવી વેચાણ કરતા હોવાનો પર્દાફાશ થયો છે. રાજ્યના ખોરાક અને ઔષધન નિયમન વિભાગ દ્વારા રાજ્ય વ્યાપી તપાસ કરવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં રૂા.૭.૫૦ લાખની કિંમતની ટેબલેટનો જથ્થો ઝડપાયો છે. આવનારા દિવસોમાં તપાસનો રેલો ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પહોંચી શકે છે પરંતુ પ્રાપ્ત જાણકારી અનુસાર નકલી ફેબીફ્લુ દવાનું વેચાણ રાજકોટ ઉપરાંત અમદાવાદ, ભાવનગર, સુરત સહિતના વિસ્તારોમાં થયું છે. અમદાવાદ થી નકલી દવાનો જથ્થો ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પહોંચ્યાની પણ સંભાવના છે. રાતો રાત લખપતિ બનવા માટે મોતના સોદાગર થઈ ગયેલા આવા તત્વોની શાન ઠેકાણે લાવવી જોઈએ તેવો સાર્વત્રિક સૂર સામે આવ્યો છે.

# સાબરડેરીનો વર્ષ આખરનો દૂધ વધારાની રકમ ઝડપી ચૂકવી આપવા પશુપાલકોની માંગ

## વહેલા વરસાદે ખેડૂતોએ ખેતી કામ ચાલુ કરતા, બિયારણ-ખાતર માટે ખેડૂતો દૂધ વધારાની રકમ ઉપયોગ લેતા હોય છે : કોરોનાને લઈને આર્થિક ભીંસ અનુભવતા જિલ્લાના પશુપાલકો માટે સાબરડેરી ભાવફેરની ટકાવાળી વધારવા માંગ

ઈડર તા.૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો પશુપાલકો ની જીવાદોરી સમાન સાબરડેરી વર્ષ આખર ની દૂધ ની રકમ તેના સભાસદો ને ભાવફેર ના રૂપ માં આપતી હોય છે. જે ચાલુ સાલ નો વર્ષ આખરનો ભાવ વધારો ઝડપી ચૂકવી આપે તેવી બંને જિલ્લા ના પશુપાલકો ની માંગ ઉઠવા પામી છે.

છેલ્લા બે વર્ષ થી કોરોના મહામારી ને લઈ ને ખેડૂતો (પશુપાલકો)આર્થિક ભીંસ નો સામનો કરી રહ્યા છે,લોકડાઉન ના કારણે માર્કેટિંગ યાર્ડ બંધ હોવાથી ખેડૂતો એ ઉત્પાદન કરેલ માલ પણ યોગ્ય ભાવે વેચાણ થયેલ નથી.ત્યારે ચાલુ સાલે જિલ્લા માં વહેલા વાવણી લાયક વરસાદ થતાં જિલ્લામાં પિયત વિસ્તાર માં ખેડૂતોએ ચોમાસુ ખેતી ની વાવણી ચાલુ કરી છે.ખેડૂતોએ મગફળી ની વાવણી ચાલુ કરતા બિયારણ તેમજ દવા ખાતર માટે સાબરડેરી ધ્વરા તેના સભાસદો ને ચુકવાતો ભાવફેર (દૂધ વધારાની ) રકમ ઝડપી ચૂકવી આપવા માં આવે તેવી લોક માંગ ઉઠી છે.આખું વર્ષ દરમ્યાન નિયમિત રીતે દર દસ દિવસે રોજે



રોજ નું પ્રેમેન્ટ સ્થાનિક દૂધ મંડળી ના ખાતામાં ચૂકવી આપતી હોય છે ,જે વર્ષ આખરે હિસાબ પતાવી વધારાની રકમ દરેક સભાસદોને પોતાના દૂધના હિસાબે દૂધ મંડળી ઓને ટકવાળી પ્રમાણે જમા આપવામાં આવતી હોય છે, જે ચાલુ સાલના ભાવફેર ની રકમ ઊંચી ટકા વાળી સાથે ચૂકવવા પશુપાલકો માં માંગ ઊઠી છે.

વર્ષો થી સાબરડેરી તેના સભાસદો ને જૂન મહિના માં જનરલ સભા પછી ચૂકવી આપતી હોય છે પરંતુ સાંપ્રત કોરોના ને લઈને બજાર ની આર્થિક સ્થિતિ ની અસર જિલ્લાના પશુપાલકો ને પણ અસર કરી રહી છે ,જિલ્લા ના પશુપાલકો સાબરડેરી સામે દૂધ વધારા ને લઈને મીટ માંડી રહ્યા છે ,ત્યારે મોટા ભાગના પશુપાલકો ઝડપી ભાવ વધારો ચૂકવી આપવા સાબરડેરી સત્તા વાળાઓ ને લેખીત જાણ કરાઈ હોવાનું જાણવા મરેલ છે.

# રોલેક્સ રિંગ્સને આઈપીઓ લાવવા માટે સેબીની મંજૂરી મળી

ઓટો કમ્પોનેન્ટ ઉત્પાદક રોલેક્સ રિંગ્સને મૂડીબજાર નિયમનકારક સંસ્થા સેબીની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ) લાવવાની મંજૂરી મળી ગઈ છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) મુજબ, રોલેક્સ રિંગ્સનો આઈપીઓમાં રૂ. ૭૦ કરોડના મૂલ્યના ફ્રેશ ઈક્વિટી શેર અને રિવેનડેલ પીઈ એલએલએસી (અગાઉ એનએસઆર-પીઈ મોરેશિયસ એલએલસી) દ્વારા રૂ. ૬૫ લાખના ઈક્વિટી સ્ટોકના વેચાણની ઓફર સામેલ છે. અત્યારે રિવેનડેલ રોલેક્સ રિંગ્સમાં ૪૫.૫૧ ટકા હિસ્સો ધરાવે છે. માર્ચમાં સેબી સમક્ષ આઈપીઓ માટે પોતાના પ્રાથમિક પેપર્સ રજૂ કરનાર ઓટો કમ્પોનેન્ટ ઉત્પાદકને ૨૮ મેના રોજ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પાસેથી ૨૮ મેના રોજ એનું ઓબ્ઝર્વેશન મળ્યું હતું, જે એણે મંગળવારે દર્શાવ્યું હતું.

# ધાનેરા પોલીસે નેનાવા ચેક પોસ્ટ પરથી મેફેડ્રોન ડ્રગ્સ ૩૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે ઈસમને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરા, તા. ૧

ધાનેરા પોલીસ ને આજે એક મોટી સફળતા મળી છે ધાનેરા પોલીસ સ્ટેશનના માણસો સાથે ધાનેરા ની નેનાવા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમ્યાન એક ઠેંફ ૩૦૦ ગાડી રાજસ્થાન તરફથી આવતા તેને ચેકપોસ્ટ ઉપર રોકતા અંદર બે ઈસમ બેઠેલ હોય જેઓની અંગઝડતીમાંથી મેફેડ્રોન ડ્રગ્સ ૨૪૬ ગ્રામ મળી આવતાં આવ્યું હતું.

ચાલક ઈસમનું નામઠામ પુછતાં સુરેશકુમાર લાધુરામ સાગરારામ વિશ્નોઈ તથા બાજુમાં બેસેલ ઈસમનું નામઠામ પાબુરામ સદારામ ધનારામ રાજસ્થાન વાળાઓ હોય અને ચાલકની ફાંટમાં ગે.કા વગર લાયસન્સે માદક દ્રવ્ય ક્રીમ કલરનો પાવડર મેફેડ્રોન ડ્રગ્સ ૨૪૬ ગ્રામ કિ.રૂ. ૨૪,૬૦,૦૦૦/- તથા ઠેંફ ૩૦૦ ગાડી નંબર જી-૦૫-ઈદ્ધ-૯૯૨૯ની કિ.રૂ.૮,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડ રકમ ૧૬,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૩૨,૮૬,૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી બન્ને ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

જીલ્લા જળ અને સ્વછતા એકમ, હિંમતનગર
જાહેર નિવિદા નંબર- ૦૨ સને ૨૦૨૧ - ૨૨

યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વછતા એકમ, ત્રીજો માળ જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા "ઇ - ૧ વર્ગ અને ઉપરના આવા કામનો અનુભવ ધરાવતી એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જીલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં ભુગર્ભ સંપ, પી.વી.સી. પાઇપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, હયાત ઘટકો રીપરીંગ કામ, પંપીગ મશીનરી, તથા ડીસ્પ્લે બોર્ડ તથા સ્લોગનના કામોના ટેન્ડર "ઇ" ટેન્ડરીંગ પધ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઇ.ડી.નં- ૪૬૪૦૯૬ ભાવો ભરવાની છેલ્લી તા. ૧૫/૦૬/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધીછે તેમજ ટેન્ડરના ફીઝીકલ દસ્તાવેજો તા - ૧૬/૦૬/૨૦૨૧ ને સમય : ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એડી. /સ્પીડપોસ્ટ /કુરીયર / હાથોહાથ કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજીત કિંમત રૂા. ૨૯૧૩૩૩૫.૧૮ સુધીના છે. ઉકત કામો માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેંન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઇ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધીત અધિકાર સબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ http//www.wasmo.nprocure.com,ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તુત વિગતો માટે કચેરી સમય દરમ્યાન યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વછતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો.- ૯૯૭૮૪ ૦૬૬૦૧ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબ સાઇટ ઉપર જોવા મળશે.

ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઇ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૧૦૯/૨૦૨૧

# ભિલોડામાં સાબરકાંઠા બેંકમાં બે લુંટારૂઓનો લૂંટનો નિષ્ફળ પ્રયાસ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ સા.કાં. બેંકમાં બે લુંટારૂઓનો લુંટનો પ્રયાસ



નિષ્ફળ નિવડ્યો હતો.સા.કાં. બેંકના બાહોશ કર્મચારીઓએ લુંટારૂઓને ઝડપી પોલીસના હવાલે સોંપી દીધા હતા.પોલીસે લુંટારૂઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી.

ભિલોડા સા.કાં. બેંકના બાહોશ કર્મચારી મહાવીરસિંહ ભાટી,મહેશભાઈ પ્રજાપતિ સહિત સ્ટાફ પરીવારએ આગવી સુઝબુઝથી લુંટારૂઓની ચાલચલગત જોઈ પલભરમાં ઝડપી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તાબડતોબ પોલીસ કાફલો બેંકમાં પહોંચી ગયો હતો.લુંટારૂઓને ઝડપી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.સા.કાં. બેંકના મેનેજરે જણાવ્યું હતું કે જયેશ કિરાણા સ્ટોર્સવાળા, દર્શિલ રામપાલભાઈ લદ્ધા બેંકમાં રૂા.૭૦,૦૦૦/- રોકડા ભરવા માટે આવ્યા હતા. લુંટારૂઓએ રૂપિયા ભરેલા થેલા પર બ્લેડ મારતા વેપારીની સમય સુંચકતાથી રૂપિયા લુંટવાનો લુંટારૂઓનો પેતરો નિષ્ફળ નિવડ્યો હતો.વેપારી અને બેંકના બાહોશ કર્મચારીઓની આગવી સુઝબુઝથી લુંટારૂઓનો હાથફેરો નિષ્ફળ નિવડ્યો હતો.

ભિલોડામાં કાર્યરત સા.કાં. બેંકમાં કરોડો રૂપિયાનું ટર્ન ઓવર થતું હોય છે.લુંટારૂઓ અવારનવાર હાથફેરો કરતા હોય છે. વેપારીઓ, દુધ મંડળી, સેવા મંડળીના સેક્રેટરીઓ ક્યારેક - ક્યારેક લુંટાતા હોય છે. સા.કાં. બેંકના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા કાયમી ધોરણે બેંકમાં ચોકીદાર મશીનગન સાથે મુકવામાં આવે તેવી ગ્રાહકોની માંગણી ઉદ્ભવી છે.

# દાણીલીમડામાં યુવકની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરાઈ

અમદાવાદ, તા. ૧

દાણીલીમડામાં એક યુવકને છરીના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામા આવી. પિતરાઈ ભાઈના ઝઘડાની અદાવતમા નિર્દોષ યુવકની હત્યા થઈ હોવાનુ પોલીસ તપાસમા ખુલ્યુ છે. કાંગારુ અને જીનીયા નામના બે લોકો જેલમાં હતા ત્યારે જે મનદુઃખ ચાલતું હતું તેની ચર્ચામાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં નિર્દોષ યુવક વચ્ચે પડી બન્નેને છોડાવવા જતા જીવ ગુમાવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી ૩ આરોપીની ધરપકડ કરીને ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

ઝગડાની અદાવતનો બદલો લેવા યુવકની હત્યા થઈ હોવાની ઘટના બનતા પાંચ શખ્સો સામે પોલીસે હત્યાનો ગુનો નોંધી મોહમંદઆસીફ ઉર્ફે કાંગારૂ શેખ, મુઝફર શેખ અને બાબુ શેખની ધરપકડ કરી છે. આરોપીઓએ ઝઘડાની અદાવતમા એક નિર્દોષની કરપીણ હત્યા કરી દીધી હતી.

ઘટના કંઈક એવી હતી કે મૃતક ફિરોઝખાન પઠાણના પિતરાઈ ભાઈ મોહમંદ હુસેન ઉર્ફે જીનીયા અને આરોપી મોહમંદ આસિફ ઉર્ફે કાંગારૂ વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડો એટલો ઉગ્ર થયો કે આરોપી કાંગારૂ પોતાના મિત્રો સાથે જીનીયાને મારવા માટે હથિયારો લઈને પહોચ્યા હતા. પરંતુ જીનીયો ફરાર થઈ જતા તેઓએ બદલો લેવા ફિરોઝખાન પર હુમલો કરીને ઘાતકી હત્યા કરી હતી.

# માનકુવા-કચ્છમાં નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન-શ્રી સ્વામિનારાયણ મંદિર, માનકુવામાં નવનિર્માણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો. શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપા તેમજ નાદવંશીય પરંપરાના શ્રી ચરણોથી અનેકવાર પાવન થયેલી આ ભૂમિ. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાએ આ ભૂમિ પર પધારી સત્સંગના બીજ રોપ્યાં હતા. જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપા તથા વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અવિરત વિચરણથી માનકુવા ગામમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ.

વેદ રત્ન આચાર્ય સ્વામીજી મહારાજના પ્રેરણાથી શિખરબંધ મંદિર તૈયાર થતાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજે નવનિર્માણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અવસરે સંગેમરમરનાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપા અને શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાના મૂર્તિઓ પધરાવ્યા હતા. ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ તથા જીવનપ્રાણ અબજીબાપાની વાતોની સમૂહ પારાયણો, સંતો-મહંતોના પ્રવચનો, કથાવાર્તા, પરમ પૂજ્ય આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજના આશીર્વાદ વગેરે અધ્યાત્મસભર કાર્યક્રમો યોજાયા હતા.

# ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ચારમાં પાણીનો કકળાટ

ધાનેરામાં કોંગ્રેસની સરકાર બેઠી અને લોકોએ બહુમતીથી જીત અપાવી છે પરંતુ લોકોની પરેશાની ઓછી થતી નથી અને પાણી માટે પરેશાની વધી રહી છે ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ચાર માં પીવાના પાણીની સમસ્યા વધી રહી છે વાલ્મીકિ વાસ માં પાણીની ટાંકી હોવા છતાં પાણીનો ફોર્સ મળતો ન હોવાથી તે બાબતે નવું પાણી નું ટાંકુ બનાવવા માટે અનેક વખત રજૂઆતો કરેલ તેમજ લોકોને પુરતું પાણી મળે એ બાબતે અનેક વખત અરજી દ્વારા પેપર દ્વારા પણ સમાચાર આપેલ છતાં પણ નગરપાલિકાના કર્મચારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે ધાનેરામાં અનેક જગ્યાએ પાણીની સમસ્યાઓ છે પરંતુ ધાનેરામાં સર્વિસ સ્ટેશનનો અને ઈટો બનાવતા લોકોને પૂરતું પાણી મળી રહે છે અમુક લોકો પાણી ધંધાકીય રીતે વાપરી રહ્યા છે છતા કર્મચારીઓ આ બાબતે કોઈ કાર્યવાહી કરતા નથી અને આંખ આડા કાન કરી રહ્યા છે લોકોને પીવા માટે પાણી માટે સમસ્યા દુર થાય તેવી લોકોની માંગ છે તો જિલ્લા કલેક્ટર સાહેબ શ્રી આ બાબતે ધ્યાન આપી પાણીની સમસ્યા દૂર કરાવે તેવી લોકોની માંગ છે.

## પરીક્ષા રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીએસઈ ૧૨ ની પરીક્ષા રદ થયા બાદ હવે મહત્વનો સવાલ એ છે કે વિદ્યાર્થીઓને કયા આધારે ગુણ મળશે અને પરિણામ કેવી રીતે આવશે? કેન્દ્ર અને સીબીએસઈએ કહ્યું છે કે સમય પ્રમાણે માર્કિંગના યોગ્ય માપદંડ હેઠળ કરવામાં આવશે અને પરિણામ તૈયાર થઈ જશે. તે જ સમયે, વિદ્યાર્થીઓને પણ છેલ્લી વખતની જેમ પરીક્ષા આપવાનો વિકલ્પ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમના માર્ક્સથી સંતુષ્ટ નથી, તેઓને પછીથી પરીક્ષા આપવાની પસંદ મળી શકશે.

દેશમાં કોરોનાના કેસને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે ધોરણ-૧૨ની પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓની સાથે વાલીઓ પણ અસમંજસની સ્થિતિમાં હતા. હવે દેશના લાખો વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠકમાં તેમને તમામ રાજ્યો અને હિતધારકો પાસેથી મળેલા સૂચનો તથા વ્યાપક ચર્ચા-વિચારણા બાદ સામે આવેલા તમામ વિકલ્પો વિશે જણાવવામાં આવ્યું હતું.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પરીક્ષા રદ કરવાની માંગ કરી હતી. તેમણે ટ્વીટ કરીને કહ્યું હતું કે- ધોરણ-૧૨ની પરીક્ષાને લઈને વાલીઓ ખુબ ચિંતિત છે. તે ઈચ્છે છે કે વેક્સિનેશન વગર પરીક્ષાનું આયોજન ન થવું જોઈએ. મારી કેન્દ્ર સરકારને અપીલ છે કે ધોરણ-૧૨ની પરીક્ષા ન યોજાવી જોઈએ. વિદ્યાર્થીઓના પાછલા પરફોર્મંસના આધાર પર તેમનું મૂલ્યાંકન કરવું જોઈએ.

## માર્ગોની સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધારણાનુ કામ હાથ ધરવામાં આવતુ નથી. દર્દીઓ સહીત સિવિલ સંકુલમાં આવતા મુલાકાતીઓ તેમજ ડોકટર્સ પણ ઉબડ ખાબડ રોડ નેટવર્કથી પરેશાન છે. સિવિલના પી આઈ યુ યુનિટે આખરે માર્ગ મકાન વિભાગને સિવિલ સંકુલના માર્ગોની સુધારણા માટે દરખાસ્ત કરી હતી જેના અંતે આગામી દિવસોમાં સિવિલના માર્ગોની સુધારણા માટે કામ હાથ ધરાશે. સિવિલ સંકુલના માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા સિવિલ કેમ્પસના માર્ગોનુ કામ હાથ ધરાશે. આ કામગીરી સરકારી પ્લાન્ટના આધારે હાથ ધરવામાં આવશે. બે વર્ષના અંતે સિવિલના માર્ગોનુ કામ હાથ ધરાશે. લાંબા સમયથી સિવિલ સંકુલના માર્ગોની સુધારણા હાથ ધરવા માટે સ્થાનિકોએ માંગણી કરી હતી.